મારી યાત્રા

jitu.sompura@
bombaysamachar.acom

નાનકદાસજી: બાળકોને નાનપણથી ધર્મનું શિક્ષણ અપાશે તો જ કૌટુંબિક સુખશાંતિ ટકશે

…ન: કળિયુગમાં અવતાર ધારણ કરનાર કલ્કી અવતાર એટલે કે …ક નારાયણ ભગવાનની આરાધના કરતા અનોખા સતપંથ સંપ્રદાયના … સુફી સંત સદ્‌ગુરુ ઈમામશાહ મહારાજના જીવન અને સંદેશનો સાર શું છે?

જગદગુરુ સતપંથાચાર્ય શ્રી નાનકદાસજી મહારાજ:સર્વધર્મનું મુળ સત્ય પર આધારિત છે. જે રીતે એક નાનું બીજ મોટા વૃક્ષનો આધાર છે તે જ પ્રકારે સુક્ષ્મ મહાન સત્ય આત્માને ઓળખવાના માર્ગને સુફી સંત ઈમામ શાહ મહારાજે 'સતપંથ' નામ આપ્યું છે. તેમનો જન્મ સન ૧૪૪૦માં પંજાબના ઉચ્ચ મુલતાનમાં વેદ શાસ્ત્રના જાણકાર શ્રેષ્ઠ બ્રહ્માકુળમાં થયો હતો. તેમના જન્મના થોડા સમય બાદ પિતા-માતાનું બિમારીમાં મૃત્યુ થતાં પાડોશમાં રહેતા મુસલમાન સદ્‌ગૃહસ્થે પોતાના ઘરનાઓના વિરોધ છતાં પાલક પિતા તરીકે તેમને ઉછેરવાનો આરંભ કર્યો. નામ ઈમામ શાહ રાખવામાં આવ્યું. નાનપણમાં તેઓ પોતાની દિવ્ય વાણી અને વિશિષ્ટ શક્તિઓથી અનેકોને સહાયભૂત થયા. તેમના પરચાઓને કારણે ચારે તરફ આપોઆપ કીર્તિનો પ્રસાર થવા લાગ્યો. તેઓ આઠ વર્ષના હતા ત્યારે પાલક પિતાએ પોતાનો અંતકાળ નજીક આવતા ઈમામશાહને જણાવ્યું- બેટા! તારું પ્રાગટ્ય લોકકલ્યાણ માટે છે અને તું આ એક જ ગામમાં બેસીને રહીશ તો કેવી રીતે આ મહાન કાર્ય સિદ્ધ થશે. આથી તું સમગ્ર દેશમાં વિચરણ કર. પિતાની આજ્ઞા માની તેઓ ઘેરથી રવાના થયા અને સમગ્ર ભારત ભ્રમણ દરમિયાન બધી જ જાતિ અને સંપ્રદાયના લોકોને ઉપદેશ આપ્યો. ભારત ભ્રમણ પછી તેઓ ગુજરાત આવ્યા. શ્રી કૃષ્ણ ભગવાને દ્વાપર યુગમાં કુંવારીકા ભૂમિનું નિર્માણ કર્યું હતું તે પિરાણા ખાતે સતપંથ પ્રેરણા પીઠની સ્થાપના કરી. પોતાના જીવનકાળ દરમિયાન કેવળ હિન્દુઓને પોતાના શિષ્યો બનાવ્યા એથી મોગલકાળના શાસકોએ તેમની આકરી કસોટીઓ કરી. અનેક સ્તરે સંઘર્ષ અનુભવ્યો. કોમી એકતા માટે મોટું ઉદાહરણ બન્યા. તેમના ઉપદેશમાં ચાર વેદો અને ઉપનિષદોનો શુદ્ધ નીચોડ હતો અને સામાન્ય માણસોને સમજાય એવી સરળ ભાષામાં રજૂઆત હોવાથી મુમુક્ષોને આત્મજ્ઞાન સહજતાથી થઈ જતું હતું. તેમણે જીવન કઈ રીતે જીવવું, મનને કઈ રીતે અંકુશમાં રાખવું, સાકાર ભક્તિમાંથી નિરાકાર ભક્તિમાં કઈ રીતે જવાય અને નિરાકાર ભક્તિમાંથી પરમાત્માના સાનિધ્યમાં કઈ રીતે જવાય એ દર્શાવવા કેટલાક મહત્ત્વના ગ્રંથોની રચના કરી છે. તેમણે જ્યોતિને મહત્ત્વ આપ્યું છે. તેમના સંદેશ મુજબ ઈશ્વરનું સ્વરૂપ નિર્ગુણ નિરાકાર સતચિત આનંદ સ્વરૂપ છે. સતચિત આનંદનું ધ્યાન જ્યોતિ સ્વરૂપથી થાય છે, કારણ કે દરેકના હૃદયમાં પરમાત્મા સતચિત સ્વરૂપે બેઠા છે. જેની કોઈ મૂર્તિ નથી, કોઈ હાથપગ નથી એ નિરાકાર સ્વરૂપ જ્યોતિ સ્વરૂપ છે. આથી એમનું ધ્યાન કરવું એ એક તત્ત્વ છે. આમ જ્યોતિને પોતાના સ્વરૂપમાં જ પ્રગટ કરીને આત્મને ઓળખવાનો માર્ગ દર્શાવ્યો છે. બીજું તત્ત્વ છે- સનાતનના ૐનું સ્મરણ. ૐનો પ્રણવ બ્રહ્મ આ જગતમાં સૌથી શ્રેષ્ઠ મહામંત્ર છે. ૐના સ્મરણથી જીવ પ્રાણી માત્ર અવિધા રૂપી અંધકાર નષ્ટ થતા ધ્યાન પ્રાપ્ત કરે છે અને મૃત્યુનો ભય દૂર થાય છે. આથી ઈમામશાહ મહારાજે ૐથી શરૂઆત કરી છે. ત્રીજી વાત કરી છે કર્મકાંડની પૂજા. મનુષ્ય શુદ્ધિ માટે કર્મકાંડની આવશ્યકતા પર તેમણે ભાર મૂક્યો છે. આ માટે સનાતન સતપંથ માર્ગમાં કળશ પૂજા દર્શાવી છે. સૂર્ય, ચંદ્ર, ઈન્દ્ર, વાયુ, વરુણ, અગ્નિ, સોમ, વિશ્વકર્મા, વિરાતા આદી અનેક દેવતાઓની ઉપાસના કરવાથી મનુષ્ય મુક્તિ સુધી પહોંચે છે. આ પુજા અથર્વવેદ પર આધારિત છે.

વ્યસન મુક્તિ અને ફેશન મુક્તિ અંગે જાગૃત ન રહ્યા તો ભાવિ પેઢીના ગુનેગાર ગણાઈશું



તેમણે પંચ દેવની પૂજા બ્રહ્મા- વિષ્ણુ- મહેશ- આદ્ય શક્તિ અને નારાયણની પૂજાનો મહિમા દર્શાવ્યો છે. તેમણે ચોથી વાત કરી છે- અવતારની ઉપાસનાની. અન્ય અવતારોને વંદનીય ગણાવી વિષ્ણુના દસમા અવતાર કલ્કી અવતાર એટલે નિષ્કલંકી નારાયણ ભગવાનની વર્તમાન કાળમાં પૂજા અતિ મહત્ત્વની હોવા પર ભાર મૂક્યો છે.



જેમ શબરીએ ભગવાન રામની પ્રતીક્ષા કરી હતી તેમ સતપંથ સંપ્રદાયમાં આસન બીછાવી પ્રભુ નિષ્કલંક ભગવાન એક દિવસ બિરાજશે એ માટે પૂજા અર્ચના કરવાની સતપંથની પરંપરા છે.

સતપંથ સનાતન ધર્મ છે. જે યુગમાં ભગવાન પ્રગટ થાય છે ત્યારે તે સમયને અનુકુળ હોય એવા ધર્મની સ્થાપના કરે છે. ભગવાનના વિવિધ અવતારોનું ધર્મ સ્થાપનાનું સ્વરૂપ અંતરંગમાં એક હોવા છતાં બહારથી જુદું દેખાય તેનું કારણ યુગ ધર્મ છે. સમયને અનુરૂપ ઈશ્વર અવતાર ધારણ કરે તે જ પ્રમાણે સદ્‌ગુરુનું પણ હોય છે. ઈશ્વરના અવતાર પહેલાં સદ્‌ગુરુ સત્યનો માર્ગ દોરી આપે છે. સતયુગ, ત્રેતાયુગ, દ્વાપર યુગમાં જગતના ઉધ્ધાર માટે સદ્‌ગુરુ બ્રહ્મા, અમરતેજ, વશિષ્ઠ અને વ્યાસજી થઈ ગયા. કળિયુગમાં સદ્‌ગુરુ ઈમામશાહ મહારાજે પોતાનું કર્તવ્ય બજાવી સતપંથની સ્થાપના કરી છે.

ઈમામશાહ મહારાજે જણાવ્યું છે કે હૃદયમાં- અંતકરણમાં પ્રભુનું ધ્યાન સ્મરણ કરવાથી પ્રભુ હૃદયમાં સ્થિત થાય છે. આ જ્ઞાની અને યોગી સુફી સંત મૌતિકતાને મહત્ત્વ આપવાને બદલે માનવ કલ્યાણના મુખ્ય સાધન તરીકે શુદ્ધ આચરણ અને સાત્વીકતા પર ભાર મૂક્યો છે. તેમણે દરેક ધર્મો અને સંતોનો આદર કરતા શીખવાડ્યું છે. દાન ધર્મનું મહત્ત્વ દર્શાવતા જણાવ્યું છે કે માનવે પોતાની અંગત કમાણીનો અને સમયનો દસમો કે વીસમો ભાગ દેવ મંદિરો અથવા સુપાત્ર સ્થાને અર્પણ કરવો જોઈએ. તેમણે વ્યસન મુક્તિ અને સાદગીભર્યું જીવન જીવવા માટે તથા અહિંસા, ક્ષમા, પ્રેમ, દયા, સદ્‌ભાવ, સેવા, વિવેક જેવા સદ્‌ગુણોનું પ્રતિક્ષણ પાલન કરવા માટે બોધ દર્શાવ્યો છે અને જણાવ્યું છે કે આ અંગે દરેકે પોતાના પરિવારના સભ્યોને પણ પ્રેરણા આપવી જોઈએ તથા દરેકે પ્રતિજ્ઞા લેવી જોઈએ કે અમે બાળકોને નાનપણથી ધર્મનું શિક્ષણ આપીશું. આમ થશે તો જ કૌટુંબિક સુખશાંતિ ટકી રહેશે. સંસ્કૃતિ ટકી રહેશે. ઈમામશાહ મહારાજે આવી કેટલીક અન્ય પ્રતિજ્ઞાઓ લેવા પણ દર્શાવ્યું છે અને જીવનના દરેક તબક્કા માટે સમાજને સૂત્રો આપ્યાં છે.

પોતાના અંતિમ કાળમાં સુફી સંત સદ્‌ગુરુ ઈમામશાહ મહારાજે ધ્યાનની શક્તિથી જ્યોતિ પ્રગટાવી. આજે પણ આ અખંડ જ્યોતિ પ્રજ્વલીત છે. તેમની ઊર્જાથી લાખો શ્રદ્ધાળુ ભક્તો માનસિક શાંતિ અને આધ્યાત્મિક અનુભૂતિ પ્રાપ્ત કરે છે. તેમણે શિષ્યોને લોખંડની બેડી પણ આપી. આજે પણ શ્રદ્ધાળુ ભક્તો તેમના સમાધિ સ્થાને આવે છે ત્યારે પોતાની મનોકામના પૂર્ણ કરવા અર્થે અને શારીરિક- માનસિક દુ:ખોના નિવારણ અર્થે લોખંડની બેડી બંને પગમાં પહેરી ચાલે છે. આ બેડી સહજતાથી ખૂલી જાય તો કષ્ટનું નિવારણ થશે અથવા મનમાં પૂછેલા પ્રશ્ન અંગે સફળતા મળશે એવી શ્રદ્ધા સાથે ભક્તો નમન કરે છે.

તેમણે કરેલી આજ્ઞા મુજબ આજે પણ આ સંપ્રદાયના વડા તરીકે પટેલ જ હોય છે. પ્રથમ આચાર્યપદે તેમણે શાણા કાકાની નિમણૂક કરી- કુલ પાંચ સંતોને વિવિધ સ્થાનોની જવાબદારીઓ સોંપી. ૨૨ મા આચાર્ય તરીકે જગદ્‌ગુરુ શ્રી કરસનદાસજી મહારાજે પોતાના કાર્યકાળ દરમિયાન સંપ્રદાયની પ્રવૃત્તિઓને અત્યંત વિકસિત કરી. તેમની પ્રેરણા મુજબ સંપ્રદાય પોતાના લક્ષ્ય માર્ગે આજે સતત આગળ વધી રહ્યો છે. અને વ્યસન મુક્તિ તથા ફેશન મુક્તિ બાબત વ્યાપકપણે કામગીરી બજાવી રહ્યો છે. આજે આપણે આ વ્યસન અને ફેશનથી મુક્ત થવા અંગે જાગૃતિ નહીં દાખવી તો ભાવિ પેઢીના ગુનેગાર તરીકે આપણી ગણના થશે.

ઈમામશાહ મહારાજે જણાવ્યું છે કે આ કળિયુગમાં જીવમાત્ર બ્રહ્મ, ઈશ્વર, પરમાત્મા એવો પોપટિયો ઉચ્ચાર કરે છે અને પોતાને પ્રત્યક્ષ સાક્ષાત્કાર થયાનો દેખાવ કરે છે. ખોટી પોપટપંચી કરનારા લોકો ઉપભોગ અને વિષય સેવનમાં પ્રવૃત્ત રહે છે. મલિન બુદ્ધિવાળો માણસ ગમે તેટલાં શાસ્ત્રો વાંચે છતાં ઈન્દ્રિયોને અંતર્મુખ કર્યા વગર તે ઈશ્વરનો સાક્ષાત્કાર કરી કે કરાવી શકતો નથી. નાશવંતને ઠેકાણે અવિનાશીની કલ્પના કરવી એવી અવિધાના નાશ સિવાય ઈશ્વર સાક્ષાત્કાર થઈ શકતો નથી. જીવન પવિત્ર અને શક્તિશાળી બનતું નથી. આ માટે દૃઢ નિશ્ચય, પરિશ્રમ, મનન, નિદિધ્યાસન અને સતત અભ્યાસની જરૂર હોય છે. બીમારી દૂર કરવા જાતે જ દવા લેવી જોઈએ અને પરેજી પાળવી જોઈએ. તે પ્રમાણે ઈશ્વરના સાક્ષાત્કાર પોતાના સાધન અને પ્રયત્ન વગર થઈ શકે નહીં.

સતપંથ દ્વારા સદ્‌ગુરુએ કળિયુગમાંનાં દૂષણો વચ્ચે સામાન્ય જીવો સત્યના માર્ગે આગળ વધવા પ્રેરાય એ માટે જીવવાની કળાનું પાયાથી શિખર સુધીનું જ્ઞાન સ્પષ્ટ ભાષામાં આપી જીવવાની કળા દર્શાવી છે.

આ જીવવાની કળામાં મોક્ષની પ્રાપ્તિ, આત્માની ઉન્નતિ, જીવનનો વિકાસ અને પારિવારિક સુખ શાંતિ માટે દૃઢ નિશ્ચય કેળવવાની તાલીમ, વિવિધ પ્રતિજ્ઞાઓ અને શરીર શુદ્ધિ, હૃદય શુદ્ધિ, વ્રત, ઉપાસના અને ધ્યેયની વાત કરી છે. દરેક કાળમાં ભગવાન અવતાર લે છે ત્યારે તે કાળની જરૂરિયાત પ્રમાણે મનુષ્યને બોધ મળતો હોય છે. આ બોધ અવતાર લીલા બાદ તેના પ્રસંગો પરથી મનુષ્યને સમજાય છે, જ્યારે નિષ્કલંકી નારાયણ ભગવાનનો અવતાર કળીયુગના અંતે થવાની જાહેરાત શાસ્ત્રોમાં થઈ ચૂકી હોવાથી મનુષ્ય આ અવતાર લીલાનો સંદેશ અગાઉથી ગ્રહણ કરે અને તેની આરાધના કરે તો કળિયુગમાં આવનારી જીવનની સમસ્યાઓમાંથી તેનો છુટકારો સહજતાથી થઈ જશે. ■

મારી યાત્રા

જિતુ સોમપુરા
jitu.sompura@
bombaysamachar.acom

નાનકદાસજી: બાળકોને નાનપણથી ધર્મનું શિક્ષણ અપાશે તો જ કૌટુંબિક સુખશાંતિ ટકશે

પ્રશ્નઃ કળિયુગમાં અવતાર ધારણ કરનાર કલ્કી અવતાર એટલે કે નિષ્કલંક નારાયણ ભગવાનની આરાધના કરતા અનોખા સતપંથ સંપ્રદાયના સ્થાપક સુફી સંત સદ્‌ગુરુ ઈમામશાહ મહારાજના જીવન અને સંદેશનો સાર શું છે?

જગદગુરુ સતપંથાચાર્ય શ્રી નાનકદાસજી મહારાજઃસર્વધર્મનું મુળ સત્ય પર આધારિત છે. જે રીતે એક નાનું બીજ મોટા વૃક્ષનો આધાર છે તે જ પ્રકારે સુક્ષ્મ મહાન સત્ય આત્માને ઓળખવાના માર્ગને સુફી સંત ઈમામ શાહ મહારાજે 'સતપંથ' નામ આપ્યું છે. તેમનો જન્મ સન ૧૪૪૦માં પંજાબના ઉચ્ચ મુલતાનમાં વેદ શાસ્ત્રના જાણકાર શ્રેષ્ઠ બ્રહ્માકુળમાં થયો હતો. તેમના જન્મના થોડા સમય બાદ પિતા-માતાનું બિમારીમાં મૃત્યુ થતાં પાડોશમાં રહેતા મુસલમાન સદ્‌ગૃહસ્થે પોતાના ઘરનાઓના વિરોધ છતાં પાલક પિતા તરીકે તેમને ઉછેરવાનો આરંભ કર્યો. નામ ઈમામ શાહ રાખવામાં આવ્યું. નાનપણમાં તેઓ પોતાની દિવ્ય વાણી અને વિશિષ્ટ શક્તિઓથી અનેકોને સહાયભૂત થયા. તેમના પરચાઓને કારણે ચારે તરફ આપોઆપ કીર્તિનો પ્રસાર થવા લાગ્યો. તેઓ આઠ વર્ષના હતા ત્યારે પાલક પિતાએ પોતાનો અંતકાળ નજીક આવતા ઈમામશાહને જણાવ્યું- બેટા! તારું પ્રાગટ્ય લોકકલ્યાણ માટે છે અને તું આ એક જ ગામમાં બેસીને રહીશ તો કેવી રીતે આ મહાન કાર્ય સિદ્ધ થશે. આથી તું સમગ્ર દેશમાં વિચરણ કર. પિતાની આજ્ઞા માની તેઓ ઘેરથી રવાના થયા અને સમગ્ર ભારત ભ્રમણ દરમિયાન બધી જ જાતિ અને સંપ્રદાયના લોકોને ઉપદેશ આપ્યો. ભારત ભ્રમણ પછી તેઓ ગુજરાત આવ્યા. શ્રી કૃષ્ણ ભગવાને દ્વાપર યુગમાં કુંવારીકા ભૂમિનું નિર્માણ કર્યું હતું તે પિરાણા ખાતે સતપંથ પ્રેરણા પીઠની સ્થાપના કરી. પોતાના જીવનકાળ દરમિયાન કેવળ હિન્દુઓને પોતાના શિષ્યો બનાવ્યા એથી મોગલકાળના શાસકોએ તેમની આકરી કસોટીઓ કરી. અનેક સ્તરે સંઘર્ષ અનુભવ્યો. કોમી એકતા માટે મોટું ઉદાહરણ બન્યા. તેમના ઉપદેશમાં ચાર વેદો અને ઉપનિષદોનો શુદ્ધ નીચોડ હતો અને સામાન્ય માણસોને સમજાય એવી સરળ ભાષામાં રજૂઆત હોવાથી મુમુક્ષોને આત્મજ્ઞાન સહજતાથી થઈ જતું હતું. તેમણે જીવન કઈ રીતે જીવવું, મનને કઈ રીતે અંકુશમાં રાખવું, સાકાર ભક્તિમાંથી નિરાકાર ભક્તિમાં કઈ રીતે જવાય અને નિરાકાર ભક્તિમાંથી પરમાત્માના સાનિધ્યમાં કઈ રીતે જવાય એ દર્શાવવા કેટલાક મહત્ત્વના ગ્રંથોની રચના કરી છે. તેમણે જ્યોતિને મહત્ત્વ આપ્યું છે. તેમના સંદેશ મુજબ ઈશ્વરનું સ્વરૂપ નિર્ગુણ નિરાકાર સતચિત આનંદ સ્વરૂપ છે. સતચિત આનંદનું ધ્યાન જ્યોતિ સ્વરૂપથી થાય છે, કારણ કે દરેકના હૃદયમાં પરમાત્મા સતચિત સ્વરૂપે બેઠા છે. જેની કોઈ મૂર્તિ નથી, કોઈ હાથપગ નથી એ નિરાકાર સ્વરૂપ જ્યોતિ સ્વરૂપ છે. આથી એમનું ધ્યાન કરવું એ એક તત્ત્વ છે. આમ જ્યોતિને પોતાના સ્વરૂપમાં જ પ્રગટ કરીને આત્મને ઓળખવાનો માર્ગ દર્શાવ્યો છે. બીજું તત્ત્વ છે- સનાતનના ૐનું સ્મરણ. ૐનો પ્રણવ બ્રહ્મ આ જગતમાં સૌથી શ્રેષ્ઠ મહામંત્ર છે. ૐના સ્મરણથી જીવ પ્રાણી માત્ર અવિધા રૂપી અંધકાર નષ્ટ થતા ધ્યાન પ્રાપ્ત કરે છે અને મૃત્યુનો ભય દૂર થાય છે. આથી ઈમામશાહ મહારાજે ૐથી શરૂઆત કરી છે. ત્રીજી વાત કરી છે કર્મકાંડની પૂજા. મનુષ્ય શુદ્ધિ માટે કર્મકાંડની આવશ્યકતા પર તેમણે ભાર મૂક્યો છે. આ માટે સનાતન સતપંથ માર્ગમાં કળશ પૂજા દર્શાવી છે. સૂર્ય, ચંદ્ર, ઈન્દ્ર, વાયુ, વરુણ, અગ્નિ, સોમ, વિશ્વકર્મા, વિરાતા આદી અનેક દેવતાઓની ઉપાસના કરવાથી મનુષ્ય મુક્તિ સુધી પહોંચે છે. આ પુજા અથર્વવેદ પર આધારિત છે.

વ્યસન મુક્તિ અને ફેશન મુક્તિ અંગે જાગૃત ન રહ્યા તો ભાવિ પેઢીના ગુનેગાર ગણાઈશું





તેમણે પંચ દેવની પૂજા બ્રહ્મા- વિષ્ણુ- મહેશ- આદ્ય શક્તિ અને નારાયણની પૂજાનો મહિમા દર્શાવ્યો છે. તેમણે ચોથી વાત કરી છે- અવતારની ઉપાસનાની. અન્ય અવતારોને વંદનીય ગણાવી વિષ્ણુના દસમા અવતાર કલ્કી અવતાર એટલે નિષ્કલંકી નારાયણ ભગવાનની વર્તમાન કાળમાં પૂજા અતિ મહત્ત્વની હોવા પર ભાર મૂક્યો છે.

જેમ શબરીએ ભગવાન રામની પ્રતીક્ષા કરી હતી તેમ સતપંથ સંપ્રદાયમાં આસન બીછાવી પ્રભુ નિષ્કલંક ભગવાન એક દિવસ બિરાજશે એ માટે પૂજા અર્ચના કરવાની સતપંથની પરંપરા છે.

સતપંથ સનાતન ધર્મ છે. જે યુગમાં ભગવાન પ્રગટ થાય છે ત્યારે તે સમયને અનુકુળ હોય એવા ધર્મની સ્થાપના કરે છે. ભગવાનના વિવિધ અવતારોનું ધર્મ સ્થાપનાનું સ્વરૂપ અંતરંગમાં એક હોવા છતાં બહારથી જુદું દેખાય તેનું કારણ યુગ ધર્મ છે. સમયને અનુરૂપ ઈશ્વર અવતાર ધારણ કરે તે જ પ્રમાણે સદ્‌ગુરુનું પણ હોય છે. ઈશ્વરના અવતાર પહેલાં સદ્‌ગુરુ સત્યનો માર્ગ દોરી આપે છે. સતયુગ, ત્રેતાયુગ, દ્વાપર યુગમાં જગતના ઉધ્ધાર માટે સદ્‌ગુરુ બ્રહ્મા, અમરતેજ, વશિષ્ઠ અને વ્યાસજી થઈ ગયા. કળિયુગમાં સદ્‌ગુરુ ઈમામશાહ મહારાજે પોતાનું કર્તવ્ય બજાવી સતપંથની સ્થાપના કરી છે.

ઈમામશાહ મહારાજે જણાવ્યું છે કે હૃદયમાં- અંતકરણમાં પ્રભુનું ધ્યાન સ્મરણ કરવાથી પ્રભુ હૃદયમાં સ્થિત થાય છે. આ જ્ઞાની અને યોગી સુફી સંત મૌતિકતાને મહત્ત્વ આપવાને બદલે માનવ કલ્યાણના મુખ્ય સાધન તરીકે શુદ્ધ આચરણ અને સાત્વીકતા પર ભાર મૂક્યો છે. તેમણે દરેક ધર્મો અને સંતોનો આદર કરતા શીખવાડ્યું છે. દાન ધર્મનું મહત્ત્વ દર્શાવતા જણાવ્યું છે કે માનવે પોતાની અંગત કમાણીનો અને સમયનો દસમો કે વીસમો ભાગ દેવ મંદિરો અથવા સુપાત્ર સ્થાને અર્પણ કરવો જોઈએ. તેમણે વ્યસન મુક્તિ અને સાદગીભર્યું જીવન જીવવા માટે તથા અહિંસા, ક્ષમા, પ્રેમ, દયા, સદ્‌ભાવ, સેવા, વિવેક જેવા સદ્‌ગુણોનું પ્રતિક્ષણ પાલન કરવા માટે બોધ દર્શાવ્યો છે અને જણાવ્યું છે કે આ અંગે દરેકે પોતાના પરિવારના સભ્યોને પણ પ્રેરણા આપવી જોઈએ તથા દરેકે પ્રતિજ્ઞા લેવી જોઈએ કે અમે બાળકોને નાનપણથી ધર્મનું શિક્ષણ આપીશું. આમ થશે તો જ કૌટુંબિક સુખશાંતિ ટકી રહેશે. સંસ્કૃતિ ટકી રહેશે. ઈમામશાહ મહારાજે આવી કેટલીક અન્ય પ્રતિજ્ઞાઓ લેવા પણ દર્શાવ્યું છે અને જીવનના દરેક તબક્કા માટે સમાજને સૂત્રો આપ્યાં છે.

પોતાના અંતિમ કાળમાં સુફી સંત સદ્‌ગુરુ ઈમામશાહ મહારાજે ધ્યાનની શક્તિથી જ્યોતિ પ્રગટાવી. આજે પણ આ અખંડ જ્યોતિ પ્રજ્વલીત છે. તેમની ઊર્જાથી લાખો શ્રદ્ધાળુ ભક્તો માનસિક શાંતિ અને આધ્યાત્મિક અનુભૂતિ પ્રાપ્ત કરે છે. તેમણે શિષ્યોને લોખંડની બેડી પણ આપી. આજે પણ શ્રદ્ધાળુ ભક્તો તેમના સમાધિ સ્થાને આવે છે ત્યારે પોતાની મનોકામના પૂર્ણ કરવા અર્થે અને શારીરિક- માનસિક દુઃખોના નિવારણ અર્થે લોખંડની બેડી બંને પગમાં પહેરી ચાલે છે. આ બેડી સહજતાથી ખૂલી જાય તો કષ્ટનું નિવારણ થશે અથવા મનમાં પૂછેલા પ્રશ્ન અંગે સફળતા મળશે એવી શ્રદ્ધા સાથે ભક્તો નમન કરે છે.

તેમણે કરેલી આજ્ઞા મુજબ આજે પણ આ સંપ્રદાયના વડા તરીકે પટેલ જ હોય છે. પ્રથમ આચાર્યપદે તેમણે શાણા કાકાની નિમણૂક કરી- કુલ પાંચ સંતોને વિવિધ સ્થાનોની જવાબદારીઓ સોંપી. ૨૨ મા આચાર્ય તરીકે જગદ્‌ગુરુ શ્રી કરસનદાસજી મહારાજે પોતાના કાર્યકાળ દરમિયાન સંપ્રદાયની પ્રવૃત્તિઓને અત્યંત વિકસિત કરી. તેમની પ્રેરણા મુજબ સંપ્રદાય પોતાના લક્ષ્ય માર્ગે આજે સતત આગળ વધી રહ્યો છે. અને વ્યસન મુક્તિ તથા ફેશન મુક્તિ બાબત વ્યાપકપણે કામગીરી બજાવી રહ્યો છે. આજે આપણે આ વ્યસન અને ફેશનથી મુક્ત થવા અંગે જાગૃતિ નહીં દાખવી તો ભાવિ પેઢીના ગુનેગાર તરીકે આપણી ગણના થશે.

ઈમામશાહ મહારાજે જણાવ્યું છે કે આ કળિયુગમાં જીવમાત્ર બ્રહ્મ, ઈશ્વર, પરમાત્મા એવો પોપટિયો ઉચ્ચાર કરે છે અને પોતાને પ્રત્યક્ષ સાક્ષાત્કાર થયાનો દેખાવ કરે છે. ખોટી પોપટપંચી કરનારા લોકો ઉપભોગ અને વિષય સેવનમાં પ્રવૃત્ત રહે છે. મલિન બુદ્ધિવાળો માણસ ગમે તેટલાં શાસ્ત્રો વાંચે છતાં ઈન્દ્રિયોને અંતર્મુખ કર્યા વગર તે ઈશ્વરનો સાક્ષાત્કાર કરી કે કરાવી શકતો નથી. નાશવંતને ઠેકાણે અવિનાશીની કલ્પના કરવી એવી અવિધાના નાશ સિવાય ઈશ્વર સાક્ષાત્કાર થઈ શકતો નથી. જીવન પવિત્ર અને શક્તિશાળી બનતું નથી. આ માટે દઢ નિશ્ચય, પરિશ્રમ, મનન, નિદિધ્યાસન અને સતત અભ્યાસની જરૂર હોય છે. બીમારી દૂર કરવા જાતે જ દવા લેવી જોઈએ અને પરેજી પાળવી જોઈએ. તે પ્રમાણે ઈશ્વરના સાક્ષાત્કાર પોતાના સાધન અને પ્રયત્ન વગર થઈ શકે નહીં.

સતપંથ દ્વારા સદ્‌ગુરુએ કળિયુગમાંનાં દૂષણો વચ્ચે સામાન્ય જીવો સત્યના માર્ગે આગળ વધવા પ્રેરાય એ માટે જીવવાની કળાનું પાયાથી શિખર સુધીનું જ્ઞાન સ્પષ્ટ ભાષામાં આપી જીવવાની કળા દર્શાવી છે.

આ જીવવાની કળામાં મોક્ષની પ્રાપ્તિ, આત્માની ઉન્નતિ, જીવનનો વિકાસ અને પારિવારિક સુખ શાંતિ માટે દઢ નિશ્ચય કેળવવાની તાલીમ, વિવિધ પ્રતિજ્ઞાઓ અને શરીર શુદ્ધિ, હૃદય શુદ્ધિ, વ્રત, ઉપાસના અને ધ્યેયની વાત કરી છે. દરેક કાળમાં ભગવાન અવતાર લે છે ત્યારે તે કાળની જરૂરિયાત પ્રમાણે મનુષ્યને બોધ મળતો હોય છે. આ બોધ અવતાર લીલા બાદ તેના પ્રસંગો પરથી મનુષ્યને સમજાય છે, જ્યારે નિષ્કલંકી નારાયણ ભગવાનનો અવતાર કળીયુગના અંતે થવાની જાહેરાત શાસ્ત્રોમાં થઈ ચૂકી હોવાથી મનુષ્ય આ અવતાર લીલાનો સંદેશ અગાઉથી ગ્રહણ કરે અને તેની આરાધના કરે તો કળિયુગમાં આવનારી જીવનની સમસ્યાઓમાંથી તેનો છુટકારો સહજતાથી થઈ જશે. ■